**CR.EN No. 290 / 2025**

**<u>:: આંક–૦૧ લગત હુકમ ::</u>**

**(1)** આ કામના ફરિયાદી દ્વારા આરોપી સામે નેગોશિયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ કલમ ૧૩૮ મુજબ ફરિયાદ અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે. જે કામે આંક–૦૧ હેઠળ હુકમ કરી સદર ફરિયાદને ક્રિમીનલ ઈન્કવાયરી રજિસ્ટરે નોંધવાનો હુકમ કરવામાં આવેલ હતો. જે બાદ સદર કામ સુનવણી માટે મુલત્વી રાખવામાં આવેલ હતું.

**(2)** ફરિયાદીની ફરિયાદ તથા તે સાથે રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાઓ તથા સોગંદ પરની સરતપાસ વંચાણે લેતાં આરોપીએ સહી કરી ચેક આપેલ હોય અને સદર ચેક વગર સ્વીકારાયે પરત ફરેલ હોય, આરોપી વિરુધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ ના ગુના સંબંધી પ્રોસેસ ઈસ્યુ કરવા જેટલા પુરાવા પ્રાથમિક દ્રષ્ટિએ જણાતા હોય, નામદાર સુપ્રિમ કોર્ટના Indian Bank Association V/s. Union Of India, AIR-2014 SC 2528 ના ચુકાદા સિધ્ધાંતો ધ્યાને લઈ હાલની ફરિયાદ ક્રિમીનલ કેસ રજીસ્ટરે દાખલ કરી આરોપી વિરુધ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા કલમ ૨૨૭ અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો પ્રોસેસ ઈસ્યુ કરવા હુકમ કરવામાં આવે છે.

**<u>:: હુકમ ::</u>**

**(1)** હાલની ફોજદારી ઈન્કવાયરી નં.૨૯૦/૨૦૨૫ને ફેંસલ કરી સદર અરજીને ફોજદારી રજિસ્ટરે નોંધવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજ રોજ ખુલી અદાલતમાં વાંચી, સંભળાવીને જાહેર કર્યો.**

તારીખ:–૦૩/૦૭/૨૦૨૬
સ્થળ :–બારડોલી

(ડૉ. અભિનવ મુદગલ)
પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ અને
એડીશ્નલ ચીફ જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ,
બારડોલી, સુરત (UID:- GJ01332)